નવસારી પાલિકા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવામાં તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું

WATER ATM લાખો રૂપિયા પાણીમાં !

નવસારીમાં 2 વર્ષ બાદ પણ 5 વોટર એટીએમ રીપેર થયા નથી

ટાટા બાગ, વિઠ્ઠલ મંદિર, દશેરા ટેકરી, લીમડા ચોક અને કબીલપોરમાં મુકેલા વોટર એટીએમ ધૂળ ખાતા

પાણી વેરો પુરેપુરો વસુલતી પાલિકા પીવાનું ચોખ્ખું પાણી આપી શકી નથી

નવસારી : નવસારીમાં સસ્તા દરે રાહદારી અને સ્થાનિકોને પીવાનું પાણી મળી રહે તે માટે પાલિકા દ્વારા શહેરના વિવિધ સ્થળોએ 25 લાખ રૂપિયાના ખર્ચે 5 વોટર એટીએમ મુક્યા હતા. પરંતુ તે એટીએમ એક મહિનામાં જ બગડી જતા બંધ હાલતમાં પડ્યા છે. જેને હવે ૨ વર્ષ જેટલો સમય પૂર્ણ થઈ ગયો છતાં રીપેર ન થતા હાલ વોટર એટીએમ ધૂળ ખાઈ રહ્યા છે.

નવસારી પાલિકા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવામાં પાલિકા તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. નવસારી અને વિજલપોર શહેરમાં લોકો પીવાના પાણીની સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે. પરંતુ વર્ષો વીત્યા બાદ પણ પાલિકા દ્વારા પીવાનું ચોખ્ખું પાણી આપી શકી નથી. જોકે પાલિકા શહેરીજનો પાસેથી પાણી વેરો પુરેપુરો વસુલે છે તે પણ હકીકત છે.

વર્ષ 2022 માં નવસારી-વિજલપોર નગરપાલિકા અસ્તિત્વમાં હતી ત્યારે પાલિકા દ્વારા ટાટા બાગ, વિઠ્ઠલ મંદિર, દશેરા ટેકરી, લીમડા ચોક અને કબીલપોરમાં વોટર એટીએમ મુકવામાં આવ્યા હતા. જેના માટે નગરપાલિકાએ શહેરીજનોના 25 લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. તે એટીએમમાં એક રૂપિયાના નજીવા દરે 10 લીટર પાણી આપવાની યોજના હતી. પરંતુ શહેરીજનો વોટર એટીએમનો ઉપયોગ કરે તે પહેલા વોટર એટીએમ ખરાબ થઈ ગયા હતા. આશરે વોટર એટીએમ મૂક્યાના એક મહિનામાં જ વોટર એટીએમ બંધ થઈ ગયા હતા. જેથી પીવાના પાણીની સમસ્યા દુર થઈ ન હતી.

શહેરીજનોને પીવાના પાણી માટે દરરોજ ખર્ચતા 20 રૂપિયા

બીજી તરફ શહેરીજનો હાલ રોજ 20 રૂપિયાના ખર્ચે પીવાના પાણીનું વેચાણ કરનાર પાસેથી વેચાતું પાણી લઈ પીવા માટે ઉપયોગ કરી રહ્યા છે. જ્યારે પાલિકા દ્વારા આપવામાં આવતું પાણી શહેરીજનો વાસણ-કપડા ધોવા સહીત અન્ય ઘરકામ માટે ઉપયોગમાં લઈ રહ્યા છે. જોકે વોટર એટીએમ ચાલુ પરિસ્થિતિમાં રહેતે તો શહેરીજનોને પીવાના પાણી માટે રોજ 20 રૂપિયા ખર્ચવા ન પડતે.

પાલિકાના ઉચ્ચ અધિકારીઓ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નિષ્ફળ

શહેરમાં મુકેલા 5 વોટર એટીએમને બંધ થયાને 2 વર્ષ જેટલો સમયગાળો વીતી ગયો છે. હવે તો નવસારી મહાનગરપાલિકા બની ચુક્યું છે. ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ પણ પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવાનું તો દુર બંધ વોટર એટીએમ મશીન ચાલુ કરવામાં પણ નિષ્ફળ નીવડ્યા છે.

‘આ મારી જમીનમાં બોર છે, હું કોઈને પાણી આપવાનો નથી, તમારાથી થાય તે કરી લો’

પાણી પુરવઠા કચેરી દ્વારા બનાવેલા બોરવેલમાંથી કાઢીને લોકોને પાણી વેચતા ઇસમ સામે કાર્યવાહી કરવા માગ

ડાંગનાં સુબીર તાલુકાનાં કેસબંધ ગામમાં પાણીની સમસ્યાનાં નિવારવા સ્થાનિકોની રજુઆત

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં કેસબંધ ગામમાં પાણીની સમસ્યાનાં નિવારણ માટે સ્થાનિકોએ પાણી પુરવઠા કચેરી આહવાના કાર્યપાલક ઇજનેરને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું હતુ. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, કેસબંધ ગામે નીચલા ફળિયામાં ૩૦ ઘરો આવેલા છે અને તેમાં ૧૨૫ લોકો વસવાટ કરે છે. આ નીચલા ફળિયામાં રહેતા ઉમરસીંગભાઈ તાન્યાભાઈ ઠેંગળના સર્વે નંબર-૮૧ વાળા ખેતરમાં પાણી પુરવઠા કચેરી, આહવા દ્વારા આજથી આશરે ૬ વર્ષ પહેલા સરકારી બોરવેલ કરીને તેમાં હેડપંપ નાંખવામાં આવેલો હતો અને તેમાંથી પાણી પુરા ગામને મળતુ હતુ. પરંતુ આ બોરવેલમાં છેલ્લા ૫ વર્ષથી ગામના નીચલા ફળિયામાં રહેતા ઉમરસીંગ ઠેંગળ દ્વારા હેડપંપ કાઢી નાંખીને તેમાં મોટર પંપ નાંખી પોતાની ખેતી કરે છે. અને પાણીના ટેન્કર મારફતે ગામમાં ૨૦૦ રૂપિયાનું ટેન્કર દીઠ પાણી વેચાણ કરી ધંધો કરે છે. આ ટેન્કરવાળા ગામમાં રૂપિયા ૮૦૦ ના ભાવે પાણીનું વેચાણ કરે છે. આ તે રીતે હાલ ગામમાં પાણીની વિકટ સમસ્યા ઉભી કરેલી છે. આ ઇસમ દ્વારા સરકારી સંપતિનો નાશ કરીને, ૦/૯ સરકારી બોરવેલમાંથી ખેતી અને ધંધો કરી ગામના લોકોનું શોષણ કરે છે. આ બાબતે ગામના સરપંચ, આગેવાનો અને અગ્રણીઓએ ઉમરસીંગ ઠેંગળને વારંવાર રજૂઆત કરી આ મોટર કાઢી ગામના લોકોને જરૂરીયાત મુજબ મફતમાં પાણી મળે તે માટે વ્યવસ્થા કરવા જણાવ્યું છે પરંતુ તે બાબતે આ ઈસમ એકના બે થવા તૈયાર નથી અને આ મારી જમીનમાં મારો બોર છે આમાં કોઈએ પણ મારી મોટર કાઢીને બીજી મોટર નાંખવી નહી અને હું તમને કોઈને પાણી આપવાનો નથી. તમારાથી થાય તે કરી લેવાની ધાકધમકીઓ આપે છે. જેથી પાણી પુરવઠાના કાર્યપાલક ઇજનેર આ ફરિયાદના આધારે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે. તાત્કાલિક સ્થળ તપાસ કરીને આ મોટર કાઢી આ જ બોરવેલમાં સરકારી નવો હેડપંપ ફીટીંગ કરીને ગામના લોકોની પાણીની સમસ્યાનું નિવારણ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. આ માથાભારે ઈસમે સરકારી સંપતિનો નાશ કરીને, તેનો બોરવેલનો ઉપયોગ કરીને જે ખેતી કરી તથા પાણીનું વેચાણ કરી ગેરલાભ મેળવેલો છે. તેની વિરુધ્ધ ફોજદારી રાહે ગુન્હો નોંધી રીકવરી કરવા માગ કરી છે. તેમજ દિન-૭ માં હકારાત્મક કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે.

‘જો હવે તું મને ક્રિકેટ બાબતે કઈ પણ પૂછીશ તો તને જાનથી મારી નાંખીશ’

મરોલીમાં ક્રિકેટ રમવાની અદાવતમાં બે યુવાનો ઝઘડતા એકનું માથું ફાટ્યું

પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ લઈ બે સામે ગુનો નોંધ્યો

નવસારી : મરોલીમાં ક્રિકેટ રમવા બાબતની અદાવતમાં બે યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં એક યુવાને બીજા યુવાનને માથામાં પંચ મારી માથું ફાડી નાંખતા મામલો મરોલી પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ લઈ બે સામે ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના મહુવર મરોલી ગામે જગદીશ સોસાયટીમાં રિષી વિમલભાઈ પટેલ (ઉ.વ.18) તેના મામાના ઘરે રહે છે. તેમજ જલાલપોર તાલુકાના છીણમ રોડ પર વિવેકાનંદ સોસાયટીમાં જીગર યોગેશભાઈ પટેલ (ઉ.વ. 27) તેના પરિવાર સાથે રહે છે. ગત 7મીએ રિષી અને જીગર તેના મિત્રો સાથે ચાવડા સોસાયટી કોમન પ્લોટ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમવા માટે ગયા હતા. દરમિયાન રિષી આઉટ થઈ જતા જીગરે તું કઈ રીતે આઉટ થયો તેમ રિષીને પુંછતા રીષીએ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલવા લાગ્યો હતો. જીગરે તેને અપશબ્દો બોલવાની ના પાડતા રિષી જીગરને માર મારવા લાગ્યો હતો તેમજ જમણા હાથના ખભા ઉપર બચકું ભર્યું હતું. અને કહેવા લાગ્યો હતો કે, જો હવે તું મને ક્રિકેટ બાબતે કઈ પણ પૂછીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. જોકે તે સમયે બંને ઘરે જતા રહ્યા હતા.

ગત 10મીએ જીગર અને રિષી બંને સામસામે આવી જતા 3 દિવસ અગાઉ ક્રિકેટ રમવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી બંને વચ્ચે ફરી ઝઘડો થયો હતો. વાત વણસતા બંને વચ્ચે મારામારી થતા જીગરે રીષીને માથાના ભાગે પંચ મારી દેતા રિષી લોહીલુહાણ થઈ ગયો હતો. જેથી રીષીને તેના મિત્રએ મરોલી સી.એચ.સી. હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેને માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. આ ઘટના અંગે રીષીની માતા કલાવતીબેને મરોલી પોલીસ મથકે જીગર પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામેપક્ષે જીગરે પણ રિષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. રમણભાઈને સોંપી છે.

વિજલપોરમાં ધૂળેટીના દિવસે કલર લગાવવા મુદ્દે બે પક્ષોના યુવાનો વચ્ચે મારામારી

પોલીસે બંને જૂથોની સામસામે ફરિયાદ લઈ કુલ 8 સામે ગુનો નોંધ્યો, આરોપીઓની ધરપકડ

નવસારી : વિજલપોર રેવાનગરમાં ધૂળેટીના દિવસે કલર લગાવવા મુદ્દે બે પક્ષોના યુવાનો વચ્ચે મારામારી થતા મામલો વિજલપોર પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ લઈ કુલ 8 યુવાનો સામે ગુના નોંધી આરોપીઓને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વિજલપોર રેવાનગરમાં રહેતો મોહિત સોનકર ગત ૧૪મીએ મોહિત, પવન ઉર્ફે ચીચી અને તેનો મિત્ર મોહિત તેમજ રાહુલ બાકડા ઉપર બેસેલા હતા. ત્યારે નીરજ ભારતીય અને પવન સાથે કલર લગાવવા બાબતે બોલાચાલી થઈ હતી. જોકે તે સમયે તેઓ વચ્ચે સમાધાન થયું હતું. ગત 16મીએ રાત્રે મોહિત તેના મિત્રો સાથે બેસેલા હતા. અને મોડી રાત્રે પરત ઘરે જઈ રહ્યો હતો. ત્યારે રેવાનગર ગલી નં. 2 પાસે અમિત ભારતીય ઉભો હોવાથી મોહિતે તેને શું કરે છે તેમ પુંછતા અમિત એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલવા લાગ્યો હતો. તે અવાજ સાંભળી નીરજ ઉર્ફે ટનટન ભારતીય, અરવિંદ ભારતીય અને દિલીપ ભારતીયએ આવી મોહિતને માર મારવા લાગ્યા હતા. જેથી મોહિતે જોરથી બુમાબુમ કરતા તેના ભાઈઓએ અને પાડોશીઓએ આવી તેઓને છોડાવ્યા હતા. આ બનાવ અંગે મોહિતે વિજલપોર પોલીસ મથકે અરવિંદ ભારતીય, અમિત ભારતીય, નીરજ ઉર્ફે ટનટન ભારતીય અને દિલીપ ભારતીય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામે મોહિત સોનકર, પવન, નીરજ સોનકર અને રાહુલ અમિતને પથ્થર મારી ગેસના પાઈપથી માર માર્યો હતો. તેમજ અમિતના ઘર ઉપર પથ્થર મારો કર્યો હતો. તે સમયે બુમાબુમ થઈ જતા પવન, મોહિત, નીરજ અને રાહુલ અમિતને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. આ બાબતે પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ લઈ કુલ 8 યુવાનો સામે ગુના નોંધ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

દમણમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ગેરકાયદે રહેતા હોવાની આશંકા

દમણ : સંઘપ્રદેશ દમણમાં બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ અવૈધ રીતે રહેતા હોવાની શંકાના આધારે તપાસ કરવા ભાજપ પ્રદેશ મહામંત્રીએ પોલીસ વિભાગના ડીઆઈજીને આવેદનપત્ર પાઠવ્યું છે. ભાજપના અલ્પસંખ્યક મોર્ચાના પ્રદેશ મહામંત્રી વસીમ સૈયદે દાનહ-દમણ-દીવના ડીઆઈજી મિલિંદ મહાદેવ ડુમ્બરેને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી દમણમાં વિવિધ વિસ્તારોમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યાના લોકો ગેરકાયદે વસવાટ કરી રહ્યા હોવાની પ્રબળ સંભાવનાઓ છે. એટલું જ નહીં પણ સ્થાનિક અમુક બ્રોકરો દ્વારા પણ આવા લોકોને ભાડેથી ઘર અને રૂમ ઉપલબ્ધ કરાવી રહ્યા હોવાની પણ શક્યતાઓ છે. ત્યારે પોલીસ વિભાગ આ બાબતે એક વિશેષ ટીમ બનાવી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરે તો ચોંકાવનારી હકીકત બહાર આવી શકે તેમ છે. ત્યારે સ્થાનિક સુરક્ષા અને કાયદા વ્યવસ્થાને ધ્યાન પર લઈ આ મામલે ત્વરિત કાર્યવાહી કરવામાં આવે તેવી અપીલ મહામંત્રી દ્વારા કરવામાં આવી છે.

ચીખલી પ્રેરણા ગ્રુપ દ્વારા બાળકો અને વડીલો માટે સેવાકાર્ય

ધેજ : પ્રેરણા ગ્રુપ ચીખલી દ્વારા આ શ્રમશાળા ગણદેવામાં નિવાસ કરીને અભ્યાસ કરતા ડાંગ ક્પરાડા વિસ્તારના બાળકોને પૌષ્ટિક ભોજન પીરસવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સુરૂચી ભોજન સેવાકાર્યનું આયોજન મયુરકુમાર જયસુર (યુએસએ) ના જન્મદિન પ્રસંગે થયું હતું. સાથે જ આશ્રમશાળાના બાળકોને ધીરુભાઈ ગાંધી, કોકીલાબેન ગાંધી (કેનેડા) દ્વારા શૈક્ષણિક કીટ આપીને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળામાં ભણતા બાળકોના જન્મદિનની પણ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. અને બાળકોને કેક અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુ એક સેવાકાર્ય અંતર્ગત માનવ સેવા ટ્રસ્ટ અટાર સંચાલિત વૃદ્ધાશ્રમના વડીલો માટે હર્ષદભાઈ પટેલ (હાલ ચીખલી યુએસએ) ના સૌજન્યથી એમના દોહીત્ર અનય અને પ્રિયમના જન્મદિન પ્રસંગે વડીલો માટે સ્વાદિષ્ટ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ વડીલોના આનંદ માટે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાપુતારા ઘાટમાં ડુંગળીનો જથ્થો ભરેલી ટ્રક પલટી જતા એકનું મોત

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઇને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં ચીખલી ગામ નજીકનાં વળાંકમાં ડુંગળીનો જથ્થો ભરેલી ટ્રક પલ્ટી મારી જતા એકનું મોત નિપજ્યું હતુ. પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિકનાં સાઈખેડા એવરગામથી ડુંગળીનો જથ્થો ભરી અમદાવાદ ખાતે આવેલા સરખેજ ચીમનભાઈ માર્કેટમાં જઈ રહેલી ટ્રક ન. એમ.એચ.15.એફ.વી.7770 જે સાપુતારાથી વઘઇને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં ચીખલી ગામ પાસે નિમ્બારાનાં વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા ટ્રક સંરક્ષણ દીવાલ પર પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક ચાલક આત્મારામભાઈ તુકારામભાઈ ભીમે (ઉ.61.રહે. નાસિક) જેઓ ટ્રકની કેબિનમાં દબાઈ જતા તેના માથાનાં તેમજ શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેનું મોત નિપજ્યુ હતુ. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહિત ડુંગળીનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ. આ બનાવ સંદર્ભે સાપુતારા પોલીસની ટીમે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેરગામમાં સરકારી જમીન ઉપર કરાયેલું ગેરકાયદે દબાણ હટાવાયું

ગ્રામ પંચાયત દ્વારા ૩ નોટિસ પાઠવીને પુરાવા રજુ કરવા જણાવાયું છતા ખુલાસો નહીં કરાતા કાર્યવાહી

ખેરગામ : ખેરગામ કુંભારવાડ ખાતે ગ્રામ પંચાયતની સરકારી જમીન ઉપર દબાણ કરનારા નિઝામમીયાં નુરમીયાં શેખ અને મળતીયા દ્વારા ગામતળ પૈકી સરકારી જમીનમાં ૨૦૦ ચોરસ મીટર જેટલી જમીનમાં દબાણ કરી આશરે ૧૫ થી ૨૦ વર્ષ અગાઉ ચાર ઓરડા બનાવી ગેરકાયદે દબાણ કરવામાં આવ્યુ હતુ. જે અંગે ગ્રામપંચાયત દ્વારા ૩ નોટિસ પાઠવીને આધાર પુરાવા રજુ કરવા જણાવાયું હતુ. પરંતુ તેમના દ્વારા કોઈ ખુલાસો કરવામાં ન આવતા ગ્રામપંચાયતે મંગળવારે સાંજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દુર કરવાની કામગીરી શરુ કરી હતી.

ખેરગામ કુંભારવાડ ખાતે નિઝામમીયાં શેખે ૧૫ થી ૨૦ વર્ષ અગાઉ ગ્રામપંચાયતની ૨૦૦ ચોરસ મીટર જમીન ઉપર દબાણ કરીને ચાર ઓરડાઓ બનાવ્યા હતા. આ અંગે ગ્રામપંચાયત દ્વારા તેમને ત્રણ નોટિસ પાઠવી હતી પરંતુ નિઝામમીયાં શેખે નોટિસનો કોઈ જ જવાબ નહી આપતા ખેરગામ ગ્રામ પંચાયતના સરપંચ ઝરણા પટેલ, ડેપ્યુટી સરપંચ, તલાટી ચેતનભાઈ, ઈન્ચાર્જ મામલતદાર સેહુલભાઈ, ચીખલી વિભાગના ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલ તેમજ નવસારી એલસીબી, એસઓજી તેમજ ખેરગામ પોલીસ સહિત જિલ્લા પોલીસનો મોટો કાફલા સાથે દબાણને દુર કરવાની કામગીરી શરુ કરતા સરકારી જમીન ઉપર દબાણ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ખેરગામમાં વીજકંપનીની બેદરકારીથી 10 દિવસથી ખેતીવાડી લાઈનનો પુરવઠો બંધ

આઠેક દિવસથી વીજ પોલ તૂટતા લાઇન બંધ થતાં પાંચથી છ વાર રજૂઆત છતાં લાઈનની મરામત કરાઇ નથી

ખેરગામ : ખેરગામ ખાખરી ફળિયામાં વીજકંપનીની બેદરકારીના પગલે છેલ્લા અઠવાડિયાથી ખેડૂતો પાણીથી વંચિત રહ્યા છે. આઠેક દિવસથી વીજ પોલ તૂટ્યો હોય લાઇન બંધ થતાં આગેવાનોએ પાંચથી છ વાર વીજ કંપનીમાં જઈને રજૂઆત કરવા છતાં હજુ સુધી લાઈનની મરામત ન થતા ખેડૂતોએ પાણી માટે હાલાકી વેઠવી પડે છે.

ખેરગામ ખાખરી ફળિયામાંથી પસાર કરાયેલી દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ખેતીવાડી લાઇન નાખવામાં આવેલી છે. જે લાઈનમાં નવો અને ઊંચો વીજપોલ ઉભો કરવામાં આવ્યો હતો. જે દશેક દિવસ પહેલા આ વીજપોલ તૂટી પડતા કેબલ પણ આમતેમ થઈ જતા વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જેના પગલે ખેડૂતોને ખેતરમાં પાણી મુકવાનું હોય ભારે અસર થઈ રહી છે. આ વિસ્તારના ખેડૂતોની ખેતી વાડીની વીજલાઈન ઠપ થઈ જતા ખેડૂતોને હાલાકી વેઠવી પડી રહી છે. આ લાઈનની ઝડપી મરામત થાય અને ખેતીવાડી લાઇન ચાલુ થાય તો આસપાસના ખેડૂતોને ઘણી રાહત થઈ શકે છે. સ્થાનિક આગેવાન ઠાકોર પટેલે જણાવ્યું કે, દસેક દિવસથી વીજપોલ તૂટી ગયો હોય ખેતીવાડી લાઇન બંધ થતાં ખેતરોમાં પાકને પાણી આપવામાં મુશ્કેલી થઈ રહી છે, વીજ કંપની ખાતે ચારેક વખત જઈને લાઈનની મરામત કરવા જુ.ઈ.ને જાણ કરી હતી. ત્યાર બાદ બીજા દિવસે વીજ કંપનીમાંથી લાઈનમેન લાઇન ચેક કરવા પણ આવ્યા હતા અને વીજ પોલ જોઈને નીકળી ગયા હતા. એ વાતને પણ આઠેક દિવસ થઈ ગયા પણ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

આવતીકાલે વીજપોલ મરામત કરાવી દેવાશે

આ બાબતે વીજ કંપનીની ખેરગામ ક્ચેરીના ડે.ઇ. જીગર પટેલે જણાવ્યું કે આ બાબત મારા ધ્યાને નથી, છતાં હું જોવડાવી લઉં છું, અને આવતી કાલે વીજપોલ મરામત કરાવી દેવા જણાવ્યું હતું.

નવસારીમાં ગરમીનો પારો અડધો ડિગ્રી ગગડતા ગરમીથી આંશિક રાહત

નવસારી : નવસારીમાં ગરમીનો પારો ચઢ-ઉતર થઈ રહ્યો છે. આજે ગરમીનો પારો અડધો ડિગ્રી તેમજ લઘુત્તમ તાપમાન દોઢ ડિગ્રી ગગડ્યું હતું. જેથી નવસારીમાં લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી.

નવસારીમાં ગત 10મીએ નવસારીમાં ગરમીનો પારો 40.1 ડિગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી નોંધાયું હતું. જેથી નવસારીમાં અસહ્ય ગરમી સાથે જ શહેરમાં હીટવેવ ફૂંકાયા હતા. જોકે મંગળવારે નવસારીમાં ગરમીનો પારો 0.5 ડિગ્રી ગગડતા 35.5 ડિગ્રી નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાન 1.4 ડિગ્રી ગગડતા 15.6 ડિગ્રી નોંધાયું છે. મંગળવારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 90 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 36 ટકા જેટલું નીચું રહ્યું હતું. જોકે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાએથી 2.3 કિ.મી. ની ઝડપે પવનો ફૂંકાયા હતા.